**Selected verses of Ana(n)t Akhado to be sung before evening prayers during Jamati mushkil aasan satado and on the following Friday**

**Day 7**

આશાજી ઉતારાનો આરો તમારે હાથ, કેનું ન ચાલે લગારજી;
આગલા ખાતા ચીતમાંહે ન લાવો, કરો તમારી મહેર. હરી. (૩૩૫)

આશાજી વીનવું વીનવું બહુરૂપે વીનવું, કરૂં તે આપણી વતજી;
એમ કરતાં જે ચેતી નહી ચાલે, તે જાશે ઘોર અંધાર. હરી. (૩૩૬)

આશાજી હાથીણું દઈને હાથીણું દેજો, ઉતારો વસમો અવતારજી;
મહેરકી નજર કરો મોરા સામી, અમને પાર ઉતારો. હરી. (૪૩૯)

આશાજી ભલી કરાવો બુરી તજાવો, હરદોઈ હાથ તુમારેજી;
કીધા કરતપ માફ કરજો, તમે છો દેવ મોરાર. હરી૦ (૪૪૩)

આશાજી મહેર કરો મોરા સામી, દયા કરી ઉગારોજી;
વનમાંહે અમે એકલા રહેવે, તે વન સરવે તારો. હરી૦ (૪૯૩)

આશાજી અરજ બંદગી કીરીયા કરે, અને સીદકસું દસોંદ દેવેજી;
તણી સતપંથી મોમન કીલાવે, સોહી દીદારી આપ. હરી૦ (૩૭૦)

આશાજી પેલી દસોંદ પીરે આલી ત્યાંથી મુરીદે આલીજી;
અમારા વચન જે મુરીદ ન માને, તે જાશે ઘોર અંધાર.
હરી૦ (૩૭૧)

આશાજી દસોંદ પરમાણે સાચા ચાલો, કરો કીરીઆ કમાઈજી;
કીરીઆ કરો તો મીઠા લાગો, તો પામો અનંત મેવા. હરી. (૩૭૨)

**(Please go to the next page)**

**Selected verses of Ana(n)t Akhado to be sung before evening prayers during Jamati mushkil aasan satado and on the following Friday**

**Day 7 (continued)**

આશાજી દીઓ દશોંદ ને અલીને સેવો, તો મન કરીયો વધાઈયું જી,
તો મહાદન તમને દોયલો ન લાગે, બેસો શાહપીરને પાસ–
હરી૦..૮૨

આશાજી સંધ્યા વેલા તમે મત કોઈ ચુકો, એ છે ગુરની એંધાણીજી;
એ વેલા તમને દીધી, કીધી તે દીનની બારી. હરી૦ (૨૫૨)

આશાજી બીજી વેલા એહીજ જાણો, રાત ઘડી છ ગઇ જાણોજી;
તે તો બારી દરગા તણી, ગુરથી થાવો હુશીઆર. હરી. (૨૫૩)

આશાજી ત્રીજી સંધ્યા પાછલી જાણો, ખટ ઘડી પરમાણોજી;
એ બારી સરગની ભણીએ, લેવે ગુરને હાથ. હરી૦ (૨૫૪)

આશાજી ચોથી બારી નહીં કુછ બોલે, નીત નીત કરવી વધાઈજી;
ગુરનરસું નીત હેતજ રાખો તો પહોંચો સરગદુઆર. હરી. (૨૫૫)

આશાજી પાંચમી બારી દસોંદની કહીએ, તે સહુથી મોટી જાણોજી;
તે માંહે તમે રહો હુશીયાર, તો રહેશો ગુરનરને સાથ. હરી. (૨૫૬)

**Original Source:** Pir Hasan Kabirdin's Ana(n)t Akha*d*o. Published by the Ismailia Association for India, Bombay, 1949; 1952.